પતિનું દિલ જીતવાની કળા

મીઠી મીઠી વાતો દરેક પતિને પોતાની પત્નીની નજીક લાવે છે. પ્યાર, આત્મીયતા, સંભાળ, સહયોગથી કોઈનું પણ દિલ જીતી શકાય છે. જ્યારે વાત પતિની આવે ત્યારે મામલો થોડો નાજુક થઈ જાય છે. આ તો ભાઈ વાત સામાન્ય લોકોની નહીં પણ પોતાના ખાસ માણસની છે. તેથી તેને જીતવાની કળા પણ ખાસ જ હોવી જોઈએ. સૌથી પહેલા પુરુષોના વાતચીતની પસંદ-નાપસંદને સમજવાની કોશિશ કરવી જોઈએ. કહેવાય છે કે પ્યારથી દુશ્મનનું પણ દિલ જીતી શકાય છે. રોજ થોડો સમય પછી તે ઘરમાં હોય કે બહાર હોય ફોન પર હોય કે વૉટ્સ અપ પર હોય, પ્યારના બે મીઠા શબ્દો જરૂર બોલવા જોઈએ. તેનાથી દિવસભરની પ્યારની ખુમારી બની રહે છે. જેનાથી સંબંધોમાં પણ તાજગી આવી જાય છે.કોશિશ તો એવી જ હોવી જોઈએ કે બને તેટલો સમય સાથે રહેવાય. સૌથી વધુ તાજગી માણસમાં સવારના સમયે હોય છે. તો સંબંધોને પણ તાજગીપૂર્ણ બનાવવા માટે સવારની પહેલી ચાની ચૂસકી સાથે બેસીને લેવાય તો મજા પડી જાય. દિવસભરના પ્લાનની વાતો થઈ શકે છે. તો વળી તેમને આવો અહેસાસ પણ કરાવી શકાય છે કે તમે તેની સાથે જીવનની પળે પળ વીતાવવા ચાહો છો. અને હા, જો તમે નોકરી કરતા હો તો તેમની સાથે જ ઓફિસ જવા નીકળી જવું જોઈએ. જેથી તેટલો સમય સાથે રહેવાય.

ક્યાં જાવ છો? ત્યાં કેમ જવું છે? તમારો તે મિત્ર બરાબર નથી. તમારું ત્યાં શું કામ છે? આમ વાતવાતમાં રોક-ટોક કરવાથી, સવાલોની ઝડીનો વરસાદ ન કરવો જોઈએ. વળી કારણ વગર ફરિયાદ પણ ન કરવી જોઈએ.દરેક જણ પાસે જઈને પોતાના પતિની ફરિયાદ ન કરવી જોઈએ. જો તમને એવું લાગે કે તમારા બંને વચ્ચે કોઈ સમસ્યા છે તો ભરોસાપાત્ર ઘરના વડીલ અંગત કહેવાય તેવા પોતાના કહેવાય તેમની સલાહ લેવી જોઈએ. કામથી જ્યારે તેઓ પાછા આવે ત્યારે હંમેશાં મીઠા સ્મિત સાથે તેમનું સ્વાગત કરવું જોઈએ. જેથી તેનો દિવસભરનો થાક ઊતરી જાય. આધુનિકતા અપનાવીને ચાલતી આ દુનિયામાં, જૂની વાતોને 'ઑલ્ડ ઈઝ ગોલ્ડ' માં મોઢું મચકોડતી નવી પેઢીમાં તેથી જ લગ્નજીવન તૂટવાના બનાવો વધુ બનવા પામે છે. દરેક વ્યક્તિને માન આપો તો તમે પણ તે મેળવવાના અધિકારી બનશો. માટે 'તુ તા' ના સંબંધોથી નાની વાતમાં પણ 'તુ તા' થઈ જાય છે. તેથી બંને એકબીજાને માનથી સંબોધે તો સંબંધોમાં મીઠાશ આવી જ જાય છે. લગ્નમાં જવાનું હોય કે કોઈ પાર્ટીમાં જવાનું હોય, તૈયારીની સાથેસાથે પાર્ટનરનો પણ ખ્યાલ રાખવો જોઈએ. જેમ કે તે શું પહેરશે, કઈ વૉચ પહેરશે, કયા શૂઝ તેમના કપડાં સાથે મેચિંગ થશે. તેમણે વાળ કપાવ્યા છે કે નહીં વગેરે નાની નાની વાતોનું ધ્યાન રાખવાથી પણ તેની પ્રત્યેનો તમારો પ્રેમ દર્શાવી શકાય છે.એવું કહેવાય છે કે પતિનું દિલ જીતવાનો રસ્તો તેના સ્વાદને જીતવાથી આપોઆપ થઈ જાય છે. તેથી સ્વાદિષ્ટ રસોઈ બનાવીને તેના દિલમાં એક આગવું સ્થાન બનાવી શકાય છે. બધા જ પતિ તેમની માતાને પ્યાર કરતા જ હોય છે. તેઓ તેમની માતાની ખૂબી તેમની પત્નીમાં શોધતા હોય છે. જો તમારો પતિ પણ આવું જ કરતો હોય તો તમારી સાસુ સાથે તેની પસંદ-નાપસંદની ચર્ચા કરી પોતાની આદતો બદલવી જોઈએ. તેની પસંદગીની વાનગીઓ સાસુ પાસેથી જ બનાવતાં શીખીને બધાને ખવડાવવી જોઈએ. વાત થોડી અજુગતી લાગે છે પરંતુ સુખી થવાનો આ શોર્ટકટ છે. પતિને હંમેશાં સારું કામ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ.ક્યારેક એવું પણ બને કે તેમનો મૂડ ખરાબ હોય તો તેમને વારંવાર સવાલો પૂછીને પરેશાન થાય તેમ ન કરવું જોઈએ.

આવા સમયે તેમને થોડો સમય એકલા છોડી દેવા જોઈએ.જો પતિને કામ માટે ટ્રાવેલિંગ કરવું પડતું હોય તો, જ્યારે પણ તે ટ્રાવેલિંગથી પાછા ફરે ત્યારે તેમને કંઈકને કંઈક સરપ્રાઈઝ જરૂરથી આપો. તેને ગમતી સાડી પહેરીને બહાર ફરવા જવાનું નક્કી કરો. જો તેને બહાર ખાવાનો શોખ હોય તો કોઈ સારી રેસ્ટોરંટમાં જઈને ડિનર પ્લાન પણ કરી શકાય. હવે તો કેરિયોકે નામનું એક મશીન પણ મળે છે જેમાં તમે બંને સાથે ફિલ્મોનાં ગીત પણ ગાઈ શકો છો. કંઈક નવીનતા લાવવા સાથે ડાન્સ કે લૉંગ ડ્રાઈવ પર જવાથી પણ પ્રેમસંબંધ વધે છે.પુરુષોને રમતગમતનો બહુ જ શોખ હોય છે. જ્યારે પત્નીને સ્પોર્ટસના વિષય પ્રત્યે આકર્ષણ ઓછું હોય છે.

જો તમારા પતિને ક્રિકેટનો શોખ હોય તો તમારે પણ ક્રિકેટની થોડી જાણકારી રાખવી જોઈએ. તેમની સાથે બેસીને મેચ જુઓ તો પણ તેને આનંદ આવે છે. વળી તેને ઉત્સાહિત પણ કરે છે. તેના શોખમાં તમે પણ જોડાવ તો તેમને પ્રોત્સાહન મળે છે. તેને બહુ જ સારુ લાગે છે. તેનો એક મોટો ફાયદો એ મળશે કે તે કદી પણ તમારી પાસે ખોટું બોલીને મેચ જોવા નહીં જાય પણ તમને સાથે લઈને જ તે જશે.

એકાંતની પળોમાં તેને ગમે તેવું વર્તન કરો. આવી પળોમાં તેની તમારી પાસેથી શું અપેક્ષા છે તે જાણીને બંનેને પસંદ હોય તે રસ્તે જવાનું યોગ્ય રહેશે. એકવીસમી સદીમાં પતિપત્નીને એકસાથે આરામથી બેસાય તેવો સમય મળવો મુશ્કેલ બની જાય છે. ત્યારે તમે જેમની સાથે સાત ફેરા ફરીને સાત ભવમાં સાથ નિભાવવાનો વાદો ક્ર્યો હોય તો સાત દિવસે એક વખત સ્પેશિયલ સાંજ એવી પણ બનાવો કે જેમાં તમે બંને જ હો બીજું કોઈ નહીં.સાસરે આવ્યા પછી સાસુ-સસરા, દિયર-નણંદ કે સસુરાલના બધા જ સંબંધીઓ જ સાથે પ્રેમભર્યો વ્યવહાર કરશો તો તેમનું દિલ આસાનીથી જીતાશે.

નજીકના સગાની બર્થ-ડે પર, કે તેમના લગ્નના દિવસે અચૂક ગિફ્ટ આપો. તમારું આવું પોતાનાપણું તમારા પતિને ગમી જશે. તમે તેની તો સંભાળ રાખો છો સાથે સાથે તેમના અંગત કહેવાય તેવા પરિવારના સભ્યોની પણ સંભાળ રાખશો તો તમારું સ્થાન તેના દિલમાં મોટું બની જશે.તમે જ્યારે બહાર કોઈ પ્રસંગમાં જાવ ત્યારે એવી રીતે તૈયાર થવું જોઈએ કે 'આઈડિયલ કપલ' લાગવા જોઈએ. તેવું તમારા બંને વચ્ચેનું કોર્ડિનેશન હોવું જોઈએ.કાયમ માટે પ્યાર હી પ્યાર હોય તેવું જરૂરી નથી, સારી-સારી વાતો જ બંને વચ્ચે હોય તેવું પણ જરૂરી નથી. ક્યારેક ખાટીમીઠી તકરાર હોય, બંને વચ્ચે નોકઝોક થાય તો પતિ-પત્નીને નજીક લાવે છે.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON EMERGE PLATFORM OF NSE LIMITED ("NSE EMERGE")

PUBLIC ANNOUNCEMENT

(Scan this QR code to view the DRHP)

Vinit MOBILE LIMITED

VINIT MOBILE LIMITED

CIN: U51100GJ2011PLC065617

Our Company was originally incorporated as a Private Limited Company under the name and style of "Tanya Silk Mills Private Limited" under the provisions of the Companies Act, 1956 vide Certificate of Incorporation dated May 26, 2011, issued by the Assistant Registrar of Companies, Gujarat, Dadra and Nagar Haveli. Further the name of our Company was changed from "Tanya Silk Mills Private Limited" to "Vinit Mobile Private Limited" vide special resolution passed by the Shareholders at the Extra Ordinary General Meeting held on February 19, 2020, and a Fresh Certificate of Incorporation consequent to name change was issued on March 13, 2020, by the Registrar of Companies, Ahmedabad. Subsequently, the status of the Company was changed from private limited to public limited, and the name of our Company was changed to "Vinit Mobile Limited" vide special resolution passed by the Shareholders at the Extra Ordinary General Meeting held on May 15, 2025 The fresh certificate of incorporation consequent to conversion was issued on May 21, 2025 by Registrar of Companies, Central Processing Centre, Manesar. The Corporate Identification Number of our Company is U51100GJ2011PLC065617. For further details on incorporation and registered office of our Company, see ***"History and Certain Corporate Matters"*** beginning on page 175 of the Draft Red Herring Prospectus.

Registered Office: Plot no. 358, Ground, 1st & 2nd floor, Gopal Nagar, Bamroli Althan Expressway, Pandesara, Surat, Gujarat – 394221.
Tel: +91 9227984148; **E-mail:** compliance@vinitmobile.com; **Website:** www.vinitmobile.com
Contact Person: Ms. Mansi Jain, Company Secretary and Compliance Officer.

PROMOTERS OF THE COMPANY: MR. VINIT JALAN AND MRS. SHWETA JALAN

"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON EMERGE PLATFORM OF NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED ("NSE EMERGE")."

THE ISSUE

INITIAL PUBLIC ISSUE OF UPTO 21,60,000* EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 /- EACH ("EQUITY SHARES") OF VINIT MOBILE LIMITED ("VML" OR THE "COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [•]/- PER EQUITY SHARE (INCLUDING A PREMIUM OF ₹ [•]/- PER EQUITY SHARE) ("ISSUE PRICE") AGGREGATING TO ₹ [•] LAKHS ("THE ISSUE") OF WHICH [•] EQUITY SHARES AGGREGATING TO ₹ [•] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER ("MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION I.E. NET ISSUE OF [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 /- EACH AT AN ISSUE PRICE OF ₹ [•]/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ [•] LAKHS ("NET ISSUE"). THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE [•] % AND [•] % RESPECTIVELY OF THE POST ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY IN CONSULTATION WITH THE BRLM AND WILL BE ADVERTISED IN [•] (A WIDELY CIRCULATED GRJARATI NATIONAL DALIY NEWSPAPER) WHERE OUR REGISTERED OFFICE IS LOCATED), AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/ISSUE OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO THE EMERGE PLATFORM OF NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED ("NSE EMERGE") FOR THE PURPOSE OF UPLOADING ON THEIR WEBSITE.

**Subject to Basis of Allotment*

In case of any revision in the Price Band, the Bid / Issue Period shall be extended for at least three additional Working Days after such revision of the Price Band, subject to the total Bid/Issue Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar circumstances, our Company, for reasons to be recorded in writing extend the Bid / Issue Period for a minimum of three Working Days, subject to the Bid / Issue Period not exceeding 10 Working Days. Any revision in the Price Band, and the revised Bid / Issue Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges by issuing a press release and also by indicating the change on the website of the BRLM and at the terminals of the Members of the Syndicate and by intimation to Designated Intermediaries and Sponsor Bank as applicable.

The Issue is being made through the Book Building Process, in terms of Rule 19(2)(b)(If the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 229(1) of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253 of the SEBI ICDR Regulations, as amended, wherein not more than 50.00% of the Net Issue shall [•] be allocated on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs", the "QIB Portion"), provided that our Company may, in consultation with the Book Running Lead Manager, may allocate up to 60.00% of the QIB [•] Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("Anchor Investor Portion"), of which one-third shall be reserved for domestic Mutual Funds, subject to valid Bids being received from domestic Mutual Funds at or above the Anchor Investor Allocation Price. In the event of undersubscription, or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the Net QIB Portion. Further, 5.00% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis only to Mutual Funds, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIBs, including Mutual Funds, subject to valid Bids being received at or above the Issue Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5.00% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to QIBs. Further, not less than 15.00% of the Net Issue shall be available for allocation on a proportionate basis to Non-Institutional Bidders out of which (a) one third of such portion shall be reserved for applicants with application size of more than ₹ 2,00,000 and up to ₹ 10,00,000; and (b) two third of such portion shall be reserved for applicants with application size of more than ₹ 10,00,000, provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Bidders and not less than 35.00% of the Net Issue shall be available for allocation to Individual Bidders, who applies for minimum application size, in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Issue Price. All potential Bidders (except Anchor Investors) are required to mandatorily utilise the Application Supported by Blocked Amount ("ASBA") process by providing details of their respective ASBA Accounts, and UPI ID in case of RIBs using the UPI Mechanism, if applicable, in which the Corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank under the UPI mechanism, as the case may be, to the extent of respective Bid Amounts, Anchor Investors are not permitted to participate in the Issue through the ASBA process. For details, see ***"Issue Procedure"*** beginning on page 310 of the Draft Red Herring Prospectus.

This public announcement is being made in compliance with the Regulation 247 of SEBI (ICDR) Regulations, 2018 and SEBI (ICDR) (Amendment) Regulations, 2025 vide notification dated March 03, 2025, and applicability of corporate governance provisions under SEBI (LODR) Regulations, 2015 on SME companies to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt requisite approvals, market conditions and other considerations, to undertake initial public offering of its Equity Shares pursuant to the Issue and DRHP dated December 25, 2025 which has been filed with the EMERGE Platform of National Stock Exchange of India Limited (**"NSE EMERGE"**).

Pursuant to SEBI (ICDR) (Amendment) Regulations, 2025 on March 03, 2025 and applicability of corporate governance provisions under SEBI (LODR) Regulations, 2015 on SME companies, for fulfilling all additional eligibility criteria, the DRHP filed with the EMERGE Platform of National Stock Exchange of India Limited **("NSE EMERGE")** shall be made available to the public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the website of the NSE at https://www.nseindia.com/ and the website of the Company at: https://vinitmobile.com/ and at the website of BRLM i.e. **COMFORT SECURITIES LIMITED** at https://www.comfortsecurities.co.in/. Our Company here by invites the members of the public to give their comments on the DRHP filed with the EMERGE Platform of National Stock Exchange of India Limited (**"NSE EMERGE"**) with respect to disclosures made DRHIP. The members of the public are requested to send a copy of their comments to Stock Exchange, to Company Secretary and Compliance Officer of our Company and / or the BRLM at their respective addresses mentioned below. All comments must be received by NSE, and / or our Company and / or Company Secretary and Compliance Officer of our Company and / or the BRLM in relation to the issue on or before 5p.m. on the 21st day from the aforesaid date issuing the DRHP with NSE EMERGE.

Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this issue. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares offered in the Issue have neither been recommended nor approved by Securities and Exchange Board of India nor does Securities and Exchange Board of India guarantee the accuracy or adequacy of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to the section titled ***"Risk Factors"*** beginning on page 33 of the Draft Red Herring Prospectus.

Any decision to invest in the equity shares described in the Draft Red Herring Prospectus may only be taken after a Red Herring Prospectus has been filed with the ROC, Ahmedabad and must be made solely on the basis of such Red Herring Prospectus as there maybe material changes in the Red Herring Prospectus from the Draft Red Herring Prospectus. The equity shares, when offered through the Red Herring Prospectus, are proposed to be listed on EMERGE Platform of National Stock Exchange of India Limited (**"NSE EMERGE"**).

For details of the share capital and capital structure of our Company and the names of the signatories to the Memorandum of Association and number of shares subscribed by them of our Company, see ***"Capital Structure"*** beginning on page 84 of the Draft Red Herring Prospectus. The liability of the members of our Company is limited. For details of the main objects of our Company as contained in our Memorandum of Association, see ***"Our History and Certain Other Corporate Matters"*** beginning on page 175 of the Draft Red Herring Prospectus.

BOOK RUNNING LEAD MANAGER TO THE ISSUE	REGISTRAR TO THE ISSUE	COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER
COMFORT SECURITIES **COMFORT SECURITIES LIMITED** **Address:** 301, 3rd Floor, 'A' Wing, Hetal Arch, Opp. Natraj Market, S.V. Road, Malad (West), Mumbai, Maharashtra, India, 400064. **Telephone Number:** 022 6517 3315 / 022 6517 3316 **Email Id:** merchantbanking@comfortsecurities.co.in **Investors Grievance Id:** merchantbanking@comfortsecurities.co.in **Website:** www.comfortsecurities.co.in **Contact Person:** Mr. Alok Prasad / Mr. Sandeep Mishra **CIN:** U67120MH2002PLC136562 **SEBI Registration Number.:** INM000011328	**BIGSHARE SERVICES PRIVATE LIMITED** **Address:** Office No. S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East), Mumbai - 400093. **Telephone Number:** 022 6263 8200 **Email Id:** ipo@bigshareonline.com **Investors Grievance Id:** investor@bigshareonline.com **Website:** www.bigshareonlince.com **Contact Person:** Mr. Babu Rapheal **CIN:** U99999MH1994PTC076534 **SEBI Registration Number:** INR000001385	**VINIT MOBILE LIMITED** **Mansi Jain** **Company Secretary & Compliance Officer** **Address:** Plot no. 358, Ground, 1st & 2nd floor, Gopal Nagar, Bamroli Althan Expressway, Pandesara, Surat - 394221, Gujarat **Contact no.:** +91 9227984148 **Email ID:** compliance@vinitmobile.com; Investors can contact our Company Secretary and Compliance officer, the Book Running Lead Manager or the Registrar to the Issue in case of any pre-issue or post-issue related problems, such as non-receipt of letters of allotment, non-credit of allotted Equity Share in the respective beneficiary account, non-receipt of funds by electronic mode etc.

For and on behalf of
VINIT MOBILE LIMITED
SD/-
Mansi Jain
Company Secretary and Compliance Officer

Date: December 25, 2025
Place: Surat

Vinit Mobile Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the Draft Red Herring Prospectus on December 25, 2025 with Emerge Platform of NSE Limited (**"NSE EMERGE"**). The Draft Red Herring Prospectus is available on the website of NSE EMERGE https://www.nseindia.com/ issue and is available on the websites of the BRLM at https://www.comfortsecurities.co.in/ and also on the website of the Company: https://vinitmobile.com/ Any potential investors should note that investment in equity shares involves a high degree of risk. For details please refer to the DRHP, see section titled ***"Risk Factors"*** beginning on page 33 of the Draft Red Herring Prospectus.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), or any state securities laws in the United States and may not be offered or sold within the United States except pursuant to an exemption from or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. The Equity Shares are being issued and sold outside the United States in 'offshore transactions' in reliance on Regulations under the Securities Act and the applicable laws of each jurisdiction where such issues and sales are made. There will be no public offering in the United State.

સોનું,સ્ત્રીધન અને ભાવિ આર્થિક સલામતી

દુનિયાભરમાં સુવર્ણની ખરીદદારી, વિક્રય અને સામાજીક આદાનપ્રદાનમાં ભારતનું આગવું સ્થાન છે. ભારતીય સંસ્કૃતિમાં સોનું સૌભાગ્ય સૂચક શ્રીમંત ધાતુ છે.તેના પ્રત્યે ભારતીયો એટલા ઘેલાં છે કે દસ વર્ષમાં સોનાની કિંમત ચારસો ગણી વધી હોવા છતાંય તેની માગમાં જરાય ઘટાડો થયો નથી. હિંદુ ધર્મમાં સોનાનું ધાર્મિક તેમ જ સાંસ્કૃતિક મહત્ત્વ છે તેથી જ તે પવિત્ર ગણાય છે. મહત્ત્વના ધાર્મિક પ્રસંગોએ સોનાના આભૂષણ પહેરવાં સૌભાગ્ય સુચક છે.

દક્ષિણ ભારતમાં પોંગલ, અખાત્રીજ, ઉગાડી જેવા તહેવારો દરમિયાન સોનું ખાસ ખરીદાય છે અને પહેરાય છે. પૂર્વ ભારતમાં દુર્ગા પૂજા અને પશ્ચિમ ભારતમાં ચૈત્ર સુદ એકમ અર્થાત્ ગુડી પડવા, વટ સાવિત્રી, ભાઈબીજ જેવા તહેવારોમાં સોનું પહેરવામાં આવે છે. બૈસાખી, કરવાં ચૌથ, છઠ પૂજા જેવા તહેવારોમાં ઊત્તર ભારતીયો સોનું ધારણ કરે છે અને ખરીદે છે.સામાન્ય ભારતીયના વ્યક્તિગત જીવનમાં સોનું મહત્વનાં સ્થાને બીરાજે છે. લગ્ન સમયે દીકરીને ભેંટ આપવા કે વહુનું ગૃહલક્ષ્મી તરીકે સ્વાગત કરવા સમયે સોનું ભેટ આપવાની જૂની ભારતીય પરંપરા છે. આ ભેંટ અપાયેલું સોનું કાળક્રમે સ્ત્રીધન તરીકે સાચવી રખાય છે. ભારતભરમાં વાર્ષિક પચાસ ટકા સોનું લગ્નમાં ભેંટ આપવા માટે ખરીદાય છે. ઘણાં કુટુંબોમાં દીકરીના જન્મ સમયથી જ સોનું ખરીદીને સાચવી મૂકાય છે. જે તેના લગ્ન સમયે ઉપયોગમાં લેવાય છે.આગામી દસ વર્ષમાં ભારતમાં લગભગ પંદરલાખ લગ્નો થશે આ પરથી સમજાઈ જશે કે સોનાના વ્યવહારનું પ્રમાણ કેટલું બહોળું હશે. આગામી દસ વર્ષમાં લોકોની પસંદગી પણ બદલાઈ જશે. વર્ષ ૧૯૯૭ સુધી મહિલાઓ પરંપરાગત ડિઝાઈનના દાગીના પસંદ કરતી હતી પરંતુ હવે અપેક્ષાઓ બદલાઈ ગઈ છે. આજની માનુનીઓ રોજ વપરાશ માટે જુદા દાગીનાની જરૂર છે. તેથી બજારમાં પ્રાચીન અને અર્વાચીન ડિઝાઈનના સુભગ સમન્વયથી સોનાના આભૂષણો બનાવાઈ રહ્યા છે. અને સોનાના આભૂષણોની વ્યાખ્યામાં ધરમૂળથી ફેરફાર દેખાઈ રહ્યો છે. સુવર્ણના દરેક આભૂષણની ખાસિયત જુદી જુદી છે. સાડી કે ઘાઘરા ચોલી પર પરંપરાગત સોનાના આભૂષણો ખીલી ઊઠે છે. કોઈપણ પ્રકારના દાગીના પહેરતી વખતે કઈ સાડી પર પહેરાઈ રહ્યા છે તે પણ એક મહત્ત્વનો પ્રશ્ન છે. કારણ દરેક પ્રકારના પહેરવેશનું અલગ અલગ અલગ મહત્ત્વ હોય છે. પ્લેન સાડી કે ભરતકામથી ઓપતી સાડી પર ડિઝાઈનર બ્લાઉઝ પહેરાતા હોય છે તેથી પહેરવેશ અનુરૂપ દાગીના પસંદ કરવો જોઈએ. જેથી પહેરનાર અને તેનો પ્રસંગ બને દિપી ઊઠે. કાળક્રમે સુવર્ણ આભૂષણોના આકાર, ધાતુ અને સ્ટાઈલમાં બદલાવ આવ્યા કરતો હોય છે. પરંતુ પરંપરાગત ડિઝાઈનના આભૂષણો નારીના મનની પ્રથમ પસંદગી ઠરે છે.

બાળકના જન્મ બાદ પ્રત્યક્ષ રીતે સુવર્ણ સાથે તેનો સંબંધ છઠ્ઠીના પ્રસંગે કે નામકરણ વિધી સમયે આવે છે. સોનાના દાગીનાઓમાં ભૂલકાંઓ માટે ખાસ પ્રકારના આભૂષણો સોની બજારમાં જોવા મળે છે. બારીક તારને મોતીના મણકા વડે સજાવીને કડાં બનાવાય છે. તેમાં નાનકડું ઝુલણું લટકતું રાખી કાનની બુટ્ટી બનાવાય છે. અવનવા આકારના અને ચિન્હોવાળા ટચુકડાં પેન્ડન્ટ વાલીઓ હોંશે હોંશે ખરીદતા દેખાય છે.મહારાષ્ટ્ર, બંગાળ અને દક્ષિણ ભારતમાં પરંપરાગત પોશાકમાં ગાઢ રંગોનું ચલણ વધુ હોય છે, સફેદ, લાલ, પીળું, લીલું, નારંગી, કેસરી જેવા ઊઠાવદાર રંગોના પરિધાન પર સોનાના મોટા આકારના દાગીના દિપી ઉઠે છે. હાલમાં કુંદન અને જડાઉના ઘરેણાં ફેશનમાં છે.તેવી જ રીતે 'નેનો ઘરેણાં' નો ટ્રેન્ડ પણ જોવાઈ રહ્યો છે. લોકોને વજનમાં હલકાં પોલાં પરંતુ દેખાવમાં મોટા ભાસે તેવા સુવર્ણ આભૂષણો ખરીદવા ગમી રહ્યા છે. સુવર્ણ બજાર વિશેષજ્ઞોના મત પ્રમાણે ભારતમાં સાડા ત્રણ પવિત્ર મુહુર્તો અને ગુરુપુષ્યામૃત યોગ સહિત વર્ષમાં આઠથી દસ વખત સોનું ખરીદવાનો રિવાજ છે.

કારણ કે ભારતમાં સોનું ઉત્તમ ભવિષ્ય માટેનું શ્રેષ્ઠ રોકાણ અને સંપત્તિ તરીકે ખરીદીને ભેગું કરવાની પરંપરા છે. સોનાની રિસેલ વેલ્યુને કારણે લોકો પોતાના પૈસાનું સલામત રોકાણ સોનામાં કરતા હોય છે.

લગ્ન સમયે સોનું ખરીદવા માટે કુટુંબીઓ પહેલેથી જ એક ચોક્કસ રકમ બાજુ પર મૂકી દેતા હોય છે.

ઘરની સ્વચ્છતાના આસાન ઉપાય

બજારમાં ઘરની સફાઇ કાજે વિવિધ લિકવિડ મળતા હોય છે.પરંતુ એ બહુ ઓછી મહિલાઓ જાણતી હશે કે આપણા ઘરમાં પણ એવી કેટલીક સામગ્રી હોય છે.

જે ઘરની સાફ-સફાઇ તેમજ ચમકીલું કરવામાં ઉપયોગી હોય છે. જેની કોઇ આડ્સર નથી તેમજ સફાઇ પણ બરાબર થતી હોય છે.

એમોયિ

ગ્રીસના ડાઘા દૂર થાય છે. જમીન પરથી મીણ ઉખડે છે તથા બારીઓ સાફ થાય છે.

બેકિંગ સોડા

દુર્ગંધ દૂર કરવામાં ઉપયોગી છે. તેમજ ફર્નિચર પરના ડાઘા દૂર કરી પોલીશનું કામ કરે છે.

બ્લિચ

કોઇ પણ વસ્તુને ચળકાવવા માટે બ્લીચ ઉપયોગી છે. ભેજને કારણે થતી ફુગ દૂર કરે છે.

વોશિંગ વિનેગાર

બારીના કાચ ચકચકિત કરે છે. ધાતુની સપાટી ચમકાવે છે.ભેજને કારણે થતી ફુગ દૂર કરે છે. ગ્રીઝના કે અન્ય ડાઘ દૂર કરે છે.

બોરેક્સ

બ્લીચને બદલે વાપરી શકાય છે. ફુગ દૂર થાય છે. ડાઘ અને દુર્ગંધ દૂર કરે છે. બોરેકસને સાબુમાં મિક્સ કરવાથી સારું પરિણામ આવે છે.

કોર્નસ્ટાર્ચ

બનૂસ અને કાર્પેટ સાફ કરી તેની દુર્ગંધ દૂર કરે છે.

કેચઅપ

કેચઅપમાં ખટાશ હોવાથી તાંબાના વાસણ દૂર થાય છે.

આમલી તેમજ લીંબુ

તાંબા તેમજ ચાંદીના વાસણને ચકચકિત કરવા આમલી અથવા લીંબુ ઉપયોગી છે.

લીંબુ અથવા લીંબુનો રસ

એલ્યુમિનિયમ પરથી કાળાશ દૂર કરવા લીંબુ અથવા લીંબુનો રસ ઉપયોગી છે.

મીઠું

કોઇ પણ વાસણને સાફ કરવા માટે વાપરી શકાય

ચણાનો લોટ

ચીકાશ દૂર કરવા માટે ચણાનો લોટ ઉપયોગી છે.

ખાવાનું તેલ

ફર્નિચરને પોલીશ કરવામાં વાપરી શકાય છે. કોપરેલનો ઉપયોગ કરી શકાય.